# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# CM - SURAT

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વર્ષ 2047 સુધીમાં ગુજરાતને 3.8 ટ્રિલિયનનું અર્થતંત્ર બનાવવાની નેમ વ્યક્ત કરી છે.

સુરતમાં આજે યોજાયેલા ઇકોનોમિક માસ્ટર પ્લાન ઓફ સુરત ઇકોનોમિક રીજન કાર્યક્રમમાં સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું કે દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત છે..તેમ ગુજરાત નું ગ્રોથ એન્જિન સુરત છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારો મુંબઈથી નજીક હોવાના કારણે આર્થિક પ્રવૃત્તિ નાં કેન્દ્ર રહ્યા હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં સૌથી લાંબા દરિયાકિનારાને કારણે આજે દરિયાઇ ઉદ્યોગનુ કેન્દ્ર બન્યું છે. તેમણે ગત દોઢ દાયકા દરમિયાન ગુજરાતમાં થયેલા કાર્યોને પણ રજૂ કર્યા હતા જેમાં જ્યોતિગ્રામ યોજના, સુજલામ સુફલામ યોજના તેમજ ગામ્ય વિસ્તારોમાં પણ અપાઇ રહેલી આરોગ્ય વિષયક સેવાઓનો ઉલ્લેખ કર્યો હતો..

## (બાઇટ- સીએમ, સુરત)

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીની સાથે સાથે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, નાણામંત્રી કનુ દેસાઈ, શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયા, બળવંતસિંહ રાજપુત અને મુકેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

.................

# Mahisagar- Rawadi fair

મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે શિક્ષણ મંત્રી ડો. કુબેર ડિંડોરે રવાડીના મેળાનું ઉદ્ઘાટન કર્યું.

ઉલ્લેખનીય છે કે, આ મેળામાં જૈન સમાજ દર વર્ષે ભાદરવા સુદ પાંચમથી ચૌદશ સુધી મહા પર્યુષણપર્વની ઉજવણી કરે છે. અને ત્યારબાદ પૂનમે નાની રવાડી તથા એકમ અને બીજ રવાડી આદિનાથ તીર્થંકરની સોના-ચાંદીની પ્રતિમાને રથમાં બેસાડીને તેમની શોભાયાત્રા કાઢવામાં આવે છે.

આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં જીલ્લા કલેક્ટર નેહા કુમારી, તાલુકા પંચાયત પ્રમુખ હરેશ વળવાઈ, સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

-------------------

# VADODARA- VISHVAMITRI RIVER

વડોદરમાં વિશ્વામિત્રી નદી પર કોર્પોરેશને નદી કાંઠાના બાંધકામ અંગે સર્વે કરાવ્યો હતો. હવે કોર્પોરેશન દ્વારા વિશ્વામિત્રી નદી કાંઠા વિસ્તારમાં ગેરકાયદે વસાહતો અને બાંધકામ કરનારને નોટિસ આપવામાં આવશે. આ ઉપરાંત, જે પરવાનગી આપવામાં આવી છે તેઓને પણ સમજાવીને નદીનો પટ ખુલ્લો કરાવવામાં પ્રયત્ન કરાશે. વડોદરામાં માનવસર્જિત પૂર બાદ ગુજરાત સરકારને ગંભીર નોંધ લેવી પડી છે.

ગુજરાત સરકારે પૂરનું પુનરાવર્તન ન થાય તે માટે વિશેષ ટીમ પ્રાથમિક ચર્ચા માટે મોકલી આપી છે અને આ ટીમના અધ્યયન બાદ સંપૂર્ણ અહેવાલ મુખ્યમંત્રીને સુપરત કરવામાં આવશે..આ ટીમ જાણીતા તજજ્ઞ જગન બી.એન.નવલાવાલાની અધ્યક્ષતામાં વડોદરા ખાતે આવી પહોંચી હતી. આ બેઠકમાં પ્રતાપ સરોવર અને વિશ્વામિત્રી નદીના કેચમેન્ટ વિસ્તારમાંથી આવતા વરસાદી પાણીના યોગ્ય વ્યવસ્થાપન માટે જરૂરી પગલાં વિશે ટીમે ચર્ચા કરી હતી. જોકે આ અંગે આગામી સપ્તાહે બીજી બેઠક યોજાશે બે માસમાં બી.એન.નવલાવાલાની કમિટી સરકારમાં રિપોર્ટ રજુ કરશે

વિશ્વામિત્રી નદીના રીવરફ્રન્ટ પ્રોજેકટ માટે 2005 થી કામગીરી શરૂ થઇ હતી. કોર્પોરેશન દ્વારા હાલમાં મેપિંગની કામગીરી કરવામાં આવી રહી છે. કોર્પોરેશન દ્વારા અત્યાર સુધી થયેલી કામગીરી બાદ રાજ્ય સરકાર દ્વારા 1200 કરોડ રૂપિયાનો પ્રોજેકટ ખર્ચ નક્કી કરવામાં આવ્યો છે જેના આધારે ઝડપી કામગીરી હાથ ધરવામાં આવી છે.

-------------------

# Mehsana Seva Setu

મહેસાણા જિલ્લામાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ 10 તાલુકામાં પશુ આરોગ્ય સારવાર કેમ્પ યોજાયો હતો, જેમાં 464 લાભાર્થીના 1 હજાર 335 પશુને સારવાર આપવામાં આવી હતી. 750 પશુઓનું રસીકરણ તેમજ 7

પશુઓને કૃત્રિમ બીજદાન અને 1 હજાર 438 પશુઓનું ડી-વોર્મિંગ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પશુ સારવારના ત્રણ હજાર 532 કેસનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . .

## JAMNAGAR VIJ CHEKING

જામનગર શહેરમાં એક માસના વિરામ બાદ ગઈકાલે વીજ તંત્ર દ્વારા  ફરીથી વીજ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.. શહેરના અલગ અલગ વિસ્તારમાં ૩૪ વિજ ચેકીંગ ટુકડીઓએ તપાસ કરી હતી..શહેરમાં 341 મીટરની તપાસ દરમિયાન ૫૩ વીજ જોડાણમાંથી ગેરરીતિ મળી આવી છે, અને તેઓને ૨૩.૯૫ લાખના વીજ ચોરીના પુરવણી બિલો અપાયા છે.

જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરી ની ચેકિંગ ડ્રાઇવ દ્વારા ગઈકાલે સવારે જામનગર શહેરના ધરાર નગર, બેડેશ્વર, નીલકમલ સોસાયટી, હનુમાન ટેકરી, વામ્બે આવાસ, ગાંધીનગર અને વાલસુરા રોડ સહિતના વિસ્તારોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ નિવૃત આર્મી મેન અને ૧૦ પોલીસના જવાનોની મદદ પણ લેવાઇ હતી..

-----------------------------

## Dang – routes approved

ડાંગના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લાના ગ્રામ્ય પ્રજાજનોની માંગણીનો સ્વીકાર કરતા રાજ્ય સરકારે, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના- ૨૦૨૪/૨૫ માટે 35 કરોડ 23 લાખ રૂપિયાની કિંમતના ૮૩.૨૪ કિલોમીટર લંબાઈના કુલ ૩૦ માર્ગો મંજૂર કર્યા છે. આ માર્ગોમાં  આહવા તાલુકાનાં ૬, વઘઇ તાલુકાના ૧૪ અને પૂર્વપટ્ટીના સરહદી સુબીર તાલુકાના ૧૦ માર્ગનો સમાવેશ થાય છે.

----------

## Bhavnagar ATM

ભાવનગરમાં 17 સપ્ટેમ્બરે અન્નપૂર્તિ ગ્રેઈન એ.ટી.એમ. શરૂ કરવામાં આવ્યું હતું. ચોવીસ કલાકમાં 198 લાભાર્થીઓએ આ સુવિધાનો લાભ લીધો છે. 10 અંત્યોદય કાર્ડ ધારકો તથા 188 NFSA કાર્ડ ધારકોએ આ એટીએમ દ્વારા અનાજ મેળવ્યું હતું. એટીએમ દ્વારા ઘઉંનો 1 હજાર 584 કિલો જથ્થો તથા ચોખાનાં 2 હજાર 344 કિલો જથ્થાનું વિતરણ થયું હતું.

----------------

# HAVAMAN

હવામાન વિભાગે આગામી બે દિવસમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કેટલાક જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

સૌરાષ્ટ્રમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જ્યારે દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, તેમજ દાદરા નગર હવેલીમાં આજે હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. જ્યારે રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં આવતીકાલે છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે મધ્યમ વરસાદ થવાની શક્યતા પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

-------------------